Thursday
03.09.2026
*Volume :11 * Issue No.61
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# અમદાવાદ એરપોર્ટ પરથી 'હબ એન્ડ સ્પોક' આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ સેવાઓનો શુભારંભ

## અમૃતસર અને વારાણસી બાદ અમદાવાદ દેશનું ત્રીજું એરપોર્ટ બન્યું: વૈશ્વિક કનેક્ટિવિટીને મળશે નવો વેગ

### મુસાફરોને કસ્ટમ્સ, ઈમિગ્રેશન અને સામાનની તપાસમાં ફરીથી ચેકિંગમાંથી મુક્તિ: સમય અને ખર્ચની બચત થશે



અમદાવાદથી 'હબ એન્ડ સ્પોક' સેવા શરૂ થતાં રાજ્યના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને 'ઈઝ ઓફ ટ્રાવેલ'નો સીધો લાભ મળશે:- મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ



હબ એન્ડ સ્પોક મોડલથી આંતરરાષ્ટ્રીય મુસાફરી બનશે વધુ સરળ અને સીમલેસ :- કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી કે.રામમોહન નાયડુ







કમલમ્,

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (SVPI) ખાતેથી 'હબ એન્ડ સ્પોક' મોડેલ હેઠળની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ સેવાઓનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયની આ પહેલ હેઠળ અમૃતસર અને વારાણસી બાદ અમદાવાદ દેશનું ત્રીજું એરપોર્ટ બન્યું છે, જેને આંતરરાષ્ટ્રીય પ્રવાસી ટ્રાફિક માટે ભારતના અગ્રણી હબ-એન્ડ-સ્પોક માળખામાં સાંકળી લેવામાં આવ્યું છે. હબ એન્ડ સ્પોક સેવાના શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની વિકાસયાત્રા તેજ ગતિથી આગળ વધી રહી છે, જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રનો અગત્યનો ફાળો રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, 'ઉડે દેશ કા આમ નાગરિક' અભિગમથી 'ઉડાન' યોજના હેઠળ ૬૭૯થી વધુ રૂટ્સ કાર્યરત કરી, સામાન્ય પ્રવાસીઓને એર કનેક્ટિવિટી આપીને વિમાન પ્રવાસનું સપનું સાકાર કરવામાં આવ્યું છે. અમદાવાદ એરપોર્ટ ખાતેથી 'હબ એન્ડ સ્પોક' સેવા શરૂ થવાથી રાજ્યના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને 'ઈઝ ઓફ ટ્રાવેલ'નો સીધો લાભ મળશે અને નાના શહેરોના મુસાફરોને બોર્ડિંગ, કસ્ટમ્સ અને ઈમિગ્રેશનની પ્રક્રિયામાંથી મુક્તિ મળશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગિફ્ટ સિટી ખાતે એરક્રાફ્ટ લીઝિંગ અને ફાયનાન્સિંગ તેમજ દેશના પ્રથમ સ્માર્ટ સિટી ધોલેરા ખાતે નિર્માણધીન ગ્રીનફિલ્ડ એરપોર્ટ જેવા પ્રોજેક્ટ્સથી ગુજરાત એવિએશન ક્ષેત્રનું પ્રમુખ કેન્દ્ર બની રહ્યું છે, જે જાન્યુઆરી ૨૦૨૭માં યોજાનારી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' માટે પણ અત્યંત ઉપયોગી સાબિત થશે. રાજ્યના એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને સતત વેગ આપી રહી છે, જેના પરિણામે હાલ ગુજરાતમાં ૩ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સહિત કુલ ૧૯ એરપોર્ટ્સ કાર્યરત છે. તેમણે ઉમેર્યું કે, દેશના પ્રથમ સ્માર્ટ સિટી ધોલેરા ખાતે નિર્માણ પામી રહેલું અદ્યતન ગ્રીનફિલ્ડ એરપોર્ટ આવનારા સમયમાં ગુજરાત તેમજ દેશના અર્થતંત્રને નવી ગતિ પ્રદાન કરશે. આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી કે. રામમોહન નાયડુએ જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ ભારતના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈ આપવાની દિશામાં અમદાવાદથી હબ એન્ડ સ્પોક મોડલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અમદાવાદની વૈશ્વિક કનેક્ટિવિટી અને ગુજરાતની વિશાળ એનઆરઆઈ કમ્યુનિટી તથા વેપાર-ઉદ્યોગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ મોડલ મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે હબ એન્ડ સ્પોક મોડેલ અંતર્ગત અમદાવાદથી દિલ્હી મારફતે વિશ્વના આશરે ૧૫ આંતરરાષ્ટ્રીય ગંતવ્યો સાથે વધુ સુગમ કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. મુસાફરો માટે બેગેજ ચેકિંગ અને ઈમિગ્રેશન જેવી પ્રક્રિયાઓ અમદાવાદ ખાતે જ પૂર્ણ કરવાની સુવિધા મળવાથી દિલ્હી ખાતે ફ્લાઈટ બદલતી વખતે પડતી અગવડો દૂર થશે અને આંતરરાષ્ટ્રીય મુસાફરી વધુ સીમલેસ બનશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે વર્ષ ૨૦૧૪માં દેશમાં ૭૪ એરપોર્ટ હતા, જે આજે વધીને ૧૬૦થી વધુ થયા છે. આગામી દસ વર્ષમાં 'ઉડાન' યોજનાના વિસ્તરણ સાથે દેશમાં વધુ ૧૦૦ એરપોર્ટ વિકસાવવાનું આયોજન છે. નાગરિક ઉડ્ડયન ક્ષેત્ર દેશની આર્થિક ગતિ, રોજગાર અને વેપાર-ઉદ્યોગના વિકાસનું મહત્વપૂર્ણ માધ્યમ બની રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અમદાવાદની વધતી હવાઈ કનેક્ટિવિટીથી હોસ્પિટાલિટી, પ્રવાસન, ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ, ડાયમંડ-જેમ્સ, એન્જિનિયરિંગ, સેમિકન્ડક્ટર અને મેન્યુફેક્ચરિંગ સહિતના ક્ષેત્રોને નવી ગતિ મળશે. 'ઉડાન યાત્રી કેફે', એરપોર્ટ લાઈબ્રેરી અને ડિજિટલ બોર્ડિંગ પાસ જેવી પહેલો દ્વારા મુસાફરોની સુવિધા અને અનુભવને પણ વધુ બહેતર બનાવવામાં આવી રહ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી શ્રી મુરલીધર મોહોલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝન હેઠળ દેશનું એવિએશન સેક્ટર નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. દેશમાં એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને **MRO (Maintenance, Repair, and Overhaul)** સેક્ટરમાં થયેલા નીતિગત સુધારાઓથી ભારત ઝડપથી ગ્લોબલ એવિએશન હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે. આગામી સમયમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલી યોજનાઓ હેઠળ પ્રાદેશિક કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવી નવા એરપોર્ટ્સ અને ડેસ્ટિનેશન્સ વિકસાવવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વિશ્વભરમાં પથરાયેલો વિશાળ પ્રવાસી ગુજરાતી સમુદાય, ગુજરાતનો મજબૂત વેપારી આધાર અને પ્રવાસનની અપાર શક્યતાઓને કારણે અમદાવાદ વૈશ્વિક સંપર્કનું એક મુખ્ય કેન્દ્ર બનશે. આ પ્રસંગે સ્વાગત પ્રવચન આપતા સિવિલ એવિએશન સચિવ શ્રી સમીર સિંહાએ જણાવ્યું હતું કે, વારાણસી અને અમૃતસરની સફળતા બાદ અમદાવાદ આ નેટવર્ક સાથે જોડાતાં દેશમાં સીમલેસ કનેક્ટિવિટીનો નવો યુગ શરૂ થયો છે. 'હબ એન્ડ સ્પોક' મોડેલ એ માત્ર નવી પ્રક્રિયા નથી, પરંતુ મુસાફરો, એરલાઈન્સ અને એરપોર્ટ તમામ માટે ફાયદાકારક એવું એક સશક્ત માળખું છે. આ વ્યવસ્થાથી પ્રવાસીઓ અમદાવાદથી જ દેશના મુખ્ય હબ મારફતે વિશ્વના કોઈ પણ આંતરરાષ્ટ્રીય સ્થળે સરળતાથી પહોંચી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, 'હબ એન્ડ સ્પોક' એ એરલાઈન ઓપરેશનલ સિસ્ટમ છે, જે હેઠળ નાના શહેરો (સ્પોક) ના મુસાફરોને મોટા કેન્દ્રીય એરપોર્ટ (હબ) પર લાવવામાં આવે છે અને ત્યાંથી કનેક્ટિંગ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. આ સુવિધાથી મુસાફરોના સામાન, કસ્ટમ્સ અને ઈમિગ્રેશન સંબંધિત તમામ તપાસ પ્રારંભિક એરપોર્ટ પર જ પૂર્ણ થઈ જશે, જેથી હબ એરપોર્ટ પર ફરીથી સુરક્ષા તપાસ કે ચેક-ઈન કરવાની જરૂર રહેશે નહીં. સ્વચાલિત સામાન ટ્રાન્સફર અને સરળ પ્રક્રિયાથી મુસાફરોના સમયની બચત થશે તેમજ એરલાઈન્સના ઓપરેટિંગ ખર્ચમાં ઘટાડો થશે. આ ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, અમદાવાદના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ, અદાણી એરપોર્ટના ડાયરેક્ટર જીત અદાણી, એર ઈન્ડિયા ગ્રુપના કોર્પોરેટ અફેર્સના હેડ શ્રી પી.બાલાજી, પ્રવાસન સચિવ શ્રી કુલદીપ આર્ય, નાગરિક ઉડ્ડયન વિભાગના પદાધિકારીઓ, એર ઈન્ડિયા અને અદાણી એરપોર્ટના પ્રતિનિધિઓ અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# નકલી અને ગેરકાયદેસર દવાઓ સામે રાજ્યમાં 'ઝીરો ટોલરન્સ' નીતિ: આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



## ગાંધીનગર સચિવાલય ખાતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ

### રૂ. ૯૩ લાખથી વધુ કિંમતનો ૪૨, ૯૮૮ કિલોગ્રામથી વધુ શંકાસ્પદ ખાદ્યજથ્થો જપ્ત

### નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર તત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવા મંત્રીશ્રીની સૂચના

### ખોરાક અને ઔષધ નિયમન તંત્ર'ની રાજ્યવ્યાપી કડક કાર્યવાહી: ૫૦ દવા પેઢીઓના લાયસન્સ રદ, ૨ દવા ઉત્પાદક પેઢીઓને ક્લોઝર ઓર્ડર



કમલમ્,

ગાંધીનગર સચિવાલય ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં 'ખોરાક અને ઔષધ નિયમન તંત્ર' દ્વારા ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન રાજ્યભરમાં હાથ ધરાયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન મંત્રીશ્રીએ રાજ્યના નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર તત્વો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આ અંગે વધુ વિગતો આપતા મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, **FDCA** દ્વારા હાથ ધરાયેલી સઘન તપાસના પરિણામે ગંભીર ક્ષતિઓ જણાયેલી ૫૦ દવા પેઢીઓના વેચાણ પરવાના રદ કરવામાં આવ્યા છે. ઉપરાંત, રિસ્ક બેઝ્ડ ઈન્સ્પેક્શન હેઠળ ૨ દવા ઉત્પાદક પેઢીઓને ક્લોઝર ઓર્ડર, ૮ ઉત્પાદક પેઢીઓના પરવાના સ્થગિત તથા ૧૧ દવાઓના બનાવટના પરવાના રદ કરવામાં આવ્યા છે. લેબોરેટરીની તપાસમાં અપ્રમાણસર જાહેર થયેલી ૨૦ દવાઓના ઉત્પાદકો સામે કારણદર્શક નોટિસ પાઠવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે રાજ્યમાં તપાસ કરવામાં આવેલા ૪૨ બ્લડ સ્ટોરેજ સેન્ટર્સ પૈકી ૩ને ક્લોઝર ઓર્ડર તથા ૧૨ને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. વધુમાં, ગ્રામ્ય વિસ્તારોમાં એન્ટીબાયોટિક દવાઓની ગુણવત્તા ચકાસવા માટે વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી, જેમાં કુલ ૫૮૮ દવાઓના નમૂના લેવામાં આવ્યા હતા, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. નશાકારક અને બનાવટી દવાઓના નેટવર્ક સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમ જણાવતા મંત્રી શ્રી પાનશેરીયાએ જણાવ્યું કે, નશાકારક તથા બનાવટી દવાઓના ગેરકાયદેસર નેટવર્ક સામે અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા ખાતેની પેઢીઓમાં **FDCA** દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત એસ.ઓ.જી. સાથેની સંયુક્ત તપાસમાં વડોદરા જિલ્લાના વાઘોડિયા ખાતે મેડિકલ સ્ટોરની બાજુની દુકાનમાંથી ગેરકાયદેસર રીતે વેચાણ કરવામાં આવતા ટ્રામાડોલ સહિતના નશાકારક ઈન્જેક્શનનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો અને **NDPS ACT.** હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. મંત્રીશ્રીએ કહ્યું કે, બનાવટી **'Nicardia Retard 10'** ટેબ્લેટ્સના કેસમાં સપ્લાય ચેઈન સુધી તપાસ કરવામાં આવી રહી છે, જે અંતર્ગત **J.B. Chemicals** દ્વારા ઉત્પાદિત હોવાનું દર્શાવતી બનાવટી **'Nicardia Retard 10'** ટેબ્લેટ્સના વેચાણ અંગે ૩૦થી વધુ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન રૂ. ૧.૭૫ લાખથી વધુનો શંકાસ્પદ જથ્થો જપ્ત/ પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન ઉત્તર પ્રદેશના લખનઉ સ્થિત સેના ફાર્માથી શરૂ થઈ અમદાવાદ અને સાણંદ સુધી વિસ્તરેલી સપ્લાય ચેઈનનો પર્દાફાશ થયો છે. સમગ્ર નેટવર્કના મૂળ ઉત્પાદક સુધી પહોંચવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, અમદાવાદના ત્રાગડ ખાતે લાયસન્સ વિના સંચાલિત 'આનકી હર્બલ'માંથી રૂ. ૨.૬૮ લાખથી વધુ કિંમતનો ગેરકાયદેસર કોસ્મેટિક્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તેમજ કપડવંજ – ધોળીકુઈ ખાતે બાવીશી દવાખાનામાંથી 'નાના બાળકો માટે રતવાની દવા'નું ગેરકાયદે ઉત્પાદન ઝડપાયું હતું, જ્યાંથી રૂ. ૬૬,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ બેઠકમાં મંત્રીશ્રીએ સ્પષ્ટ સૂચના આપી હતી કે સામાન્ય જનતાને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત આહાર મળે તે સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે, અને **FSSAI-2006** ના નિયમો હેઠળ સમગ્ર રાજ્યમાં ઓચિંતી તપાસ અને કડક કાનૂની કાર્યવાહી અવિરત ચાલુ રાખવામાં આવશે. ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન રાજ્યભરમાં હાથ ધરાયેલ સઘન ઝુંબેશ હેઠળ કુલ ૨,૨૩૮થી વધુ ખાદ્ય વ્યવસાય સંચાલકોની તપાસણી કરવામાં આવી હતી અને વિવિધ ખાદ્યચીજોના ૨,૫૯૧ જેટલા નમૂનાઓ લેબોરેટરી પરીક્ષણ માટે લેવાયા હતા. આ સમયગાળા દરમિયાન વિવિધ સ્થળોએ પાડવામાં આવેલ દરોડામાં તેલ, મરચા પાઉડર અને દૂધ સહિતની શંકાસ્પદ ખાદ્યચીજનો કુલ ૪૨,૯૮૮ કિલોગ્રામ શંકાસ્પદ ખાદ્યજથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂ.૯૩,૪૭,૧૩૪ જેટલી થાય છે. રાજ્યના વિવિધ સ્થળોએ હાથ ધરેલી કાર્યવાહી અંતર્ગત પાટણમાં ૧૪,૭૦૯ કિગ્રા તેલ અને ૬,૪૯૫ કિગ્રા ખાદ્ય તેલ, કામરેજ -સુરત માં ૫,૧૫૭ કિગ્રા ઘી, જામનગરમાં ૭,૧૩૮ કિગ્રા દૂધ તેમજ ડીસા- બનાસકાંઠામાં ૬,૦૭૧ કિગ્રા મરચાં પાઉડરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. રાજ્યમાં રેસ્ટોરન્ટ અને ઢાબાઓની સ્વચ્છતા તથા ગુણવત્તા સુનિશ્ચિત કરવા ૧,૬૨૫થી વધુ એકમોનું નિરીક્ષણ કરાયું હતું. જેમાં ક્ષતિઓ જણાતા ૩૦૬ એકમોને સુધારણા નોટિસ પાઠવવામાં આવી હતી અને ગંભીર બેદરકારી બદલ ૩૮ એકમો સામે લાયસન્સ રદ કરવા જેવી કડક કાર્યવાહી કરાઈ હતી. નિરીક્ષણની કામગીરીમાં સુરત મનપા, વલસાડ, આણંદ, જામનગર અને મહેસાણામાં સઘન કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ ઉપરાંત, ડેરી એનાલોગના ગેરકાયદે વેચાણ અને ઉપયોગ સામે ૩,૦૭૮ પેઢીઓની તપાસ કરી ૧૪૫ શંકાસ્પદ નમૂના લેવાયા હતા અને રૂ. ૭,૫૪,૩૮૬ની કિંમતનો ૨,૫૫૩.૧૦ કિગ્રા બિન-ગુણવત્તાયુક્ત ડેરી એનાલોગ જથ્થો નાશ કરાવવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તહેવારોમાં દૂધ, ઘી, તેલ અને મસાલા જેવી રોજિંદી વપરાશની વસ્તુઓ પર સતત વોચ રાખવા તંત્રને આદેશ આપ્યા છે. રાજ્યનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર જાહેર જનતાના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા, ભેળસેળિયા તેમજ કાયદા વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા અસામાજિક તત્વો સામે આગામી સમયમાં પણ આ પ્રકારની કડક કાયદેસરની કાર્યવાહી અવિરતપણે ચાલુ રાખવામાં આવશે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની યાદીમાં જણાવાયું છે.

